R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 04 DATE: 24-01-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-




## અમેરિકન પાસ્ટર સઇદ અબીદાનની ઇરાન જેલમાંથી મુક્તિ માટે પ્રાર્થના

અમેરિકાના પ્રેસિડેન્ટ ઈરાનની મુલાકાતે જવાના છે ત્યારે અમેરિકન પાસ્ટર સઈદ અબેદાની સપ્ટે.૨૦૧૨થી ઈરાનની જેલમાં બંધક બનેલા છેઅને તેમને આઠ વર્ષની સજા કરવામાં આવી છે. તેમની મુક્તિ માટે પ્રેસિડેન્ટ ઉપર દબાણ લાવવામાં આવી રહ્યું છે. હાલમાં પ્રેસિડેન્ટ બોઈસી આઈડોહોની મુલાકાતે જવાના હતા ત્યારે આ પાસ્ટર સઈદ નું વતન હોવાને કારણે પાસ્ટરના પત્ની અને તેમના બાળકોની ત્યાં રહે છે તેમની સાથે મુલાકાત કરે તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

પાસ્ટર સઈદના પત્ની તેમના બાળકો સાથે પ્રેસિડેન્ટને પોતાના પતિને ઈરાનમાં ટોપ પ્રાયોરીટી કેસ સમજીને છોડાવવા અપીલ કરવાના છે.જેથી જ્યારે તેઓ ઈરાનના પ્રવાસે જાય અને ત્યા તેઓ કેટલાક આંતરરાષ્ટ્રીય અણુસંધિના કરાર ઈરાન સાથે કરવાના છે તે વખતે તેઓ આ પ્રશ્નની ચર્ચા કરીને પાસ્ટરને મુક્ત કરવા માટે ઈરાન પર દબાણ લાવે.અમેરીકન સેન્ટર ફોર લો એન્ડ જસ્ટીસે નગમા અને તેના બે બાળકો દ્વારા પાસ્ટર સઈદની મુક્તિ માટે કેમ્પેન આદર્યું હતું.જેમાં વિશ્વવ્યાપી હજારો લોક જોડાયા હતા. રેવ.ગ્રેહામ ફેન્કલીને પર સઈદની મુક્તિ માટે પ્રાર્થના કરી હતી. (અનુ. ૨ પર)

## અમદાવાદમાં પરિવહન માટે ટેકસી સેવાઓ ચાલુ કરાશે

ગુજરાતમાં જાહેર પરિવહનની સેવાને મજબુત બનાવવાના ભાગરુપે રાજ્ય સરકારે અમદાવાદ સહિતના મોટા શહેરોમાં ટેકસી સેવા ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે.જો કે હાલમાં આ પાઈલોટ પ્રોજેકટ તરીકે અમદાવાદને આવરી લેશે.અમદાવાદ બાદ તબક્કાવાર અન્ય શહેરોમાં તે ચાલુ કરાશ. ટેક્સીનું મીનીમમ ભાડુ રૂ૨૦ નક્કી કરાયું છે અને ત્યારબાદ પ્રત્યેક કી.મી.માટે રૂ૧૨ ચુકવવાના રહેશે.ટેક્સી સંચાલકો અને ડ્રાઈવરો માટેના નિયમો અગાઉ જાહેર કરાયેલા જીપીએસ અને ડ્રાઈવરના યુનિફોર્મ સહિતના નિયમો રેડીયો ટેક્સી જેવા જ રહેશે.

સરકારે ટેક્સી સેવા માટે પોતાની સફાઈ પેશ કરતાં જણાવ્યુ હતું કે ગુજરાતમાં મોટાભાગે રીક્ષાઓ ચાલે છે અને તેમાં મુસાફરો અવરજવર કરે છે.રીક્ષામાં મંજુરી છતાં વધારે મુસાફરો લઈ જવાથી વધુ લોકોના જાન અકસ્માતમાં જાય છે.તેથી ટેક્સી સેવા ચાલુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.ટેક્સી ડ્રાઈવર ભુરા રંગના યુનિફોર્મ પહેરશે. જેથી તેમની અલગ ઓળખ થઈ શકે.જો કે ગુજરાતમાં શરુ થનારી ખાનગી ટેક્સીના રંગ અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી.પરંતુ હાલમાં ચાલતો કાળો પીળો રંગ બદલાઈ જશે.જીપીએસથી સજ્જ ટેક્સીને પોલીસ કંટ્રોલ સાથે જોડીને મુસાફરોને સલામત મુસાફરી કરાવવાનો અહેસાસ કરાવાશે.વા.વ્ય પ્રધાને જણાવ્યું હતું કે રેડિયો ટેક્સી માટે જાહેર કરાયેલા મોટાભાગના નિયમો આ સેવાને લાગુ પડશે.પ્રથમ પ્રાયોગિક ધોરણે અમદાવાદમાં ટેકસી સેવા ચાલુ કરાશે.

## ઇસ્લામીક સંગઠન ઇસીસે શિક્ષિત મહિલાઓની હત્યા કરી રહ્યું છે : યુએનની ઇસીસને ચેતવણી

યુએન પ્રવક્તા રવિના સામદાસાનીએ પત્રકારોને માહીતી આપતાં જણાવ્યું હતું કે ઈસ્લામીક સંગઠન ઈસીસે ઈરાકી શહેર મૌસુલમાં જ્યાં હાલમાં તેમનો કબજો છે ત્યાં શિક્ષિત,રાજકારણમાં ભળેલી તેમજ વકીલાતનો વ્યવસાય કરતી મહિલાઓની કત્લ કરી હતી.યુનાઈટેડ નેશન્સે આ બાબતે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે જ્યાં આતંકીઓનો કબજો છે તે વિસ્તારમાં તેઓએ ત્રણ શિક્ષિત,મહિલા વકીલની હત્યા કરી છે તે યોગ્ય નથી.આ વિસ્તારમાં વસતી શિક્ષિત મહિલાઓ માટે એક ભય ઉભો થયો છે.જે મહિલાઓ શિક્ષિત છે અને રાજકારણ તેમજ ચુંટણીઓમાં જાહેર જનતા ની સાથે સબંધ ધરાવે છે તેઓ માટે એક પડકાર છે.આ વર્ષના પ્રથમ ત્રણ સપ્તાહ દરમિયાન આવી વ્યક્તિઓની ઈસીસ દ્વારા હત્યા કરવામાં આવી છે.

ઈસીસ દ્વારા એવી મહિલાઓની હત્યા કરે છે જેઓ રાજકીય ઉમેદવાર હતા.નવેમ્બર માસમાં આવી બે મહિલાઓની મૌસુલમાં માથામાં પાછળના ભાગે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી.મૌસુલના રહેવાસીઓએ એનબીસીને જણાવ્યું હતું કે આ બે મહિલાઓને ૪૫ દિવસ સુધી આતંકવાદીઓએ બંધક બનાવી રાખી હતી.અને તેમની સામે ઈસીસ ઈસ્લામીક કોર્ટના કાયદા મુજબ કેસ ચલાવાયો હતો.સપ્ટે. માસમાં પણ આવી એક રાજકારણમાં સક્રિય મહિલાને મારી નંખાઈ હતી.

ઈસીસના લડવૈયાઓ એ બાબતની દરકાર કરતાં નથી કે જે મહિલાઓને મારી નાંખવાની છે તેઓ સુન્ની છે, કે ખ્રિસ્તી છે કેસ્લટી છે તેવું એક સોર્સ દ્વારા એનબીસીને જાણવા મળ્યું હતું.કોઈપણ વ્યક્તિ સરકારમાં જોડાયેલા હોય કે જોડાઈ શકવાની ક્ષમતા ધરાવતા હોય તેઓ તેમના નિશાના પર છે.પછી તે મહિલા હોય કે પુરુષ.બધા તેમના નિશાના પર છે.તેઓને માનવતા સાથે કોઈ લેવાદેવા નથી.ઈસ્લામીક સ્ટેટના આતંકીઓ તેમના ધાતકી કૃત્યો માટે જાણીતા છે.હજારો ધાર્મિક લઘુમતીની મહિલાઓને વૈશ્યા બનાવી દેવાઈ છે.ઈસીસીની માન્યતા પ્રમાણે તેઓએ લીડરશીપનો રોલ અદા કરવાનો નથી પરંતુ તેઓ તેમને જે જવાબદારી




સોપવામાં આવે તે નિભાવવાની છે.દરેક સ્ત્રીને પતિ તરીકે જેહાદીને જ સ્વીકારવાનો છે.અને જેહાદમાં તેમની સાથે દરેક મહિલાએ ભાગીદારી કરવાની છે.ઈસીસે આ બાબતે ખાસ મીડીયા વિંગ ઉભી કરી છ. જે તેઓએ ઝોરા ફાઉન્ડેશન નામ આપ્યું છે.આ મીડીયા વિંગ દ્વારા મહિલાઓએ કેવી રીતે સારી પત્ની બનીને જેહાદમાં મદદ કરવાની છે તે બાબતે પ્રચાર અને પ્રસાર કરે છે.ડિસેમ્બરમાં ઈસીસના આતંકીઓ ૧૫૦ મહિલાઓ અને કન્યાઓને,જેમાં ગર્ભવતી સ્ત્રીઓ પણ સામેલ હતી તેમની હત્યા એ કારણોસર કરી હતી કે તેઓ સેક્સ ગુલામ બનવાની ના પાડી હતી.સામાન્ય લોકોમાં પણ તેઓ શરીયા કાયદાની હિમાયત કરે છે જેમાં દરેક વ્યક્તિની સ્વાતંત્રતા છિનવાઈ જાય છે.દૈનીક મેઈલના જણાવ્યા પ્રમાણે કેટલાક કબુતર ઉછેરનારાઓ,જેઓ દિયાલા પ્રોવીન્સના હતા તેમને ઈસ્લામીક કાયદાનો ભંગ કરે છે કહી મારી નંખાયા હતા.કબુતરોને ઉછેરવા ઈસ્લામીક કાયદા પ્રમાણે તેઓ ગુન્હો ગણે છે. આ કારણે ૧૫ વ્યક્તિઓને રહેસી નંખાયા હતા.અબુ અબ્દુલ્લાહ નામના એક ઈરાકી ખેડુતે જણાવ્યું હતું કે તેમનો ૨૧ વર્ષીય દિકરો કે જે ૧૫ વ્યક્તિઓને ઈસીસ દ્વારા ઉપાડી જવાયા હતા તે પૈકીનો એક હતો.તેમના કહેવા મુજબ ઈસીસના આતંકીઓ તેમના ઘેર આવ્યા હતા અને ઘરની તપાસ કરી હતી.જેમાં કબુતરો મળ્યા જેને એક બેગમાં પુરીને તેને સળગાવી દેવાયા હતા.અમારી કોઈ મદદ કરી શકે તેમ નથી. તેમજ હવે અમો આશા વિહિન બની ગયા છીએ.મને ખાત્રી છે કે મારા દિકારની તેઓ હત્યા કરી નાંખશે.હું રાહ જોઉ છું કે કોઈ આવીને મને સમાચાર આપે કે તમારા દિકરાની હત્યા થઈ છે.મારે માત્ર તેનું શબ લાવીને તેની અંતિમ વિધિજ કરવાની છે.કબુતરોને ઉછેરવાનો વ્યવસાય એક સમય પસાર કરવાનો ધંધો છે.લોકોને તેમ કરવાનો શોખ છે.પરંતુ ઈસ્લામીક કાયદા મુજબ તે ગુન્હો છે કારણકે ખુદાની બંદગીમાં આ કબુતરો ભંગ પાડે છે.ફુટબોલની રમત જોવી તેને પણ આ લોકો ગુન્હો માને છે ગત સપ્તાહમાં ફુટબોલની મેચ જોનાર ૧૩ છોકરાની ઈસીસ દ્વારા હત્યા કરી દેવાઈ હતી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ફ્રાંસના પેરિસ ખાતે શાર્લી હેબ્દો મેગેઝીનની ઓફીસ પર આતંકી હુમલો થયો અને તેમાં ૧૧ પત્રકારો સહિત ૧૨ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દેવાયા.અભિવ્યક્તિની સ્વાતંત્રતા પર તરાપ મારનારા હુમલાખોરોને સરકારે જવાબી કાર્યવાહીમાં ઢાળી દીધા.પરંતુ આ એક નવા પ્રકારનો આતંકવાદ છે.સ્વચ્છંદી અને ગુનાહિત ઈતિહાસ ધરાવનારા સ્થાનિક લોકો દ્વારા આતંકવાદનો ચહેરો જોવા મળ્યો છે.ઈસીસ દ્વારા અમેરિકન પત્રકારોના ધડ કાપી નંખાયાના વીડીયો થોડક સમય પહેલા જારી કરેલા વિશ્વભરના લોકોએ નિહાળ્યા હતા.પેરિસ પર અખબારી ઓફીસ પર થયેલા હુમલાથી વિશ્વભરમાં આવા હુમલાઓ થઈ શકે છે તેની ચેતવણી મળી છે.ઈસ્લામીક કટ્ટરતાવાદ કેટલો નીચે ઉતરી ગયો છે તેની આ પરાકાષ્ઠા બતાવે છે.જો કે ઈસ્લામી પયગંબરના કેટલાક વિવાદી કાર્ટુનો મેગેઝીને છાપ્યા હતા તેના કારણે તેમને નિશાન બનાવાયા હતા. આમ છતાં આ મેગેઝીને તાબડતોડ આ માર્યા ગયેલા પત્રકારોને શ્રધ્ધાંજલિ આપતો નવો અંક બહાર પાડ્યો હતો જેમાં મંહમદ પયગંબરના કેટલાક કાર્ટુનો છપાયા છે.જો કે આ નવા છપાયેલ અંકની લાખો નકલ ચપોચપ ઉપડી ગઈ હતી.

અખબારી સ્વાતંત્રતાના નામે બલિ પર ચઢી જનારા આ મહાન વિરલાઓને અમો પુરા હૃદયથી શ્રધ્ધાજલિ આપીએ છીએ.દુનિયા ભરમાં દિવસે દિવસે પત્રકારોની સલામતી ઘટતી જાય છે.તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ રીપોર્ટ પ્રમાણે ૨૦૧૪ની સાલમાં ૬૬ પત્રકારોના જાન ગયા છે.આ તમામ શહીદીને વહોરનારા પત્રકારોને અમારી ભાવભીની શ્રધ્ધાંજલિ આપીએ છીએ. ૨૦૧૫ની શરુઆતમાં પેરીસમાં બનેલી કલંકિત પત્રકારોની હત્યાની ઘટનાને અમો વખોડી કાઢીએ છીએ.

અનુ.પાન ૧ નું ચાલુ

પાસ્ટર સઈદના પત્ની નગમાએ જણાવ્યું હતું કે જ્યારે મે સાંભળ્યુ કે પ્રેસિડેન્ટ ઓબામા મારા ટાઉનની મુલાકાતે આવવાના છે ત્યારે મારા હૃદયના ધબકારા વધી ગયા હતા.હું ત્રણ વર્ષથી મારા પતિને બંદીવાસમાંથી છોડાવવા માટે પ્રાર્થના કરતી હતી.જ્યારે હું વોશીગ્ટન ડીસી જતી ત્યારે મને આશા થતી કે મને બોલાવવામાં આવશે અથવા તો મને તેમની સમક્ષ બોલવા માટે આમંત્રણ મળશે.

તેણીએ કહ્યું હતું કે પ્રેસિડેન્ટ જ્યારે તમે મારા ટાઉનની મુલાકાત લેવાના છો ત્યારે હું તમને માનનીય વિનંતી કરુ છું કે તમે આવો,મને અને મારા બાળકો માટે થોડીક ક્ષણો ફાળવીને મળો તો તમને અમારી આંખો માં પતિ વિયોગ અને બાપ વિયોગનું દર્દ જોવા મળશે.નગ્માએ આ પહેલા યુએનમાં પોતાની વાત જણાવી હતી. અને અનેક સંગઠનો છે જેમાં તેણીએ તેમના પતિને છોડાવવા માટે અપીલ કરી હતી.સપ્ટે.માં બે વર્ષ પહેલા વાઈટ હાઉસ સામે પાસ્ટર સઈદના બંદીવાસની ૨ વર્ષની એન્વેસરી ઉજવાઈ હતી.

પાસ્ટર સઈદે ઈરાનની જેલોમાં ખુબજ શારીરીક સતાવણી છતાં પણ તેમની આસ્થા અને ધાર્મિક વિશ્વાસને જાળવી રાખ્યો છે.ઈસીસ ગ્રુપ દ્વારા જેલમાં તેમની હત્યા કરવાની ધમકી છતાં તેમણે વિશ્વાસ જાળવ્યો છે.ઓબામાએ ભુતકાળમં ઈરાનીય પ્રમુખ હસન રુહાનીને પાસ્ટરની મુક્તિ માટે ફોન ઉપર વાતચીત કરી હતી પણ પાસ્ટર હજુ સુધી મુક્ત કરાયા નથી.હવે આશા છે કે ઈરાનની ઓબામા મુલાકાત લે તે પ્રસંગે પાસ્ટરની મુક્તિ શક્ય બને.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in


## વિશ્વના બે આતંકી ગ્રુપ બોકો હરામ અને ઇસીસ વચ્ચે ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવાની સ્પર્ધા ચાલી રહી છે

સમીક્ષકો આ બાબતે ચિંતિત છે કે હાલમાં ઈસ્લામીક સંગઠન બોકો હરામ અને ઈસીસ વચ્ચે ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવાની સ્પર્ધા ચાલી રહી છે તેવું લાગે છે.

૨૦૧૪માં બોકો હરામે ૧૮૦૦ ખ્રિસ્તીઓના મોત નિપજાવ્યા હતા. તેમજ એક જ વખતના હુમલામાં બોકો હરામ દ્વારા ટાઉન બેગા ખાતે ૨૦૦૦ જેટલા ખ્રિસ્તીઓને રહેસીં નખાયા હતા.ઈસીસ પણ આ બાબતે પાછળ નથી તેમણે સીરીયા અને ઈરાકમાં આતંક મચાવ્યો છે. અને ખ્રિસ્તીઓની કત્લેઆમ જારી છે.આ આતંકવાદથી તરબરત વર્ષો છે.પરંતુ હવે નવા આતંકી નેટવર્કનો જન્મ થઈ રહ્યો છે.સમગ્ર વિશ્વનુ ધ્યાન હાલમાં પેરીસમાં થયેલ ઘટના તરફ છે.પરંતુ જાણકારોનું એવું માનવું છે કે વિચારોનું યુધ્ધ શરુ થઈ ચુક્યું છે.આ વિશ્વના બે આતંકી ગ્રુપ વચ્ચે તે ચાલી રહયું છે પરિણામે એકબીજાથી ચઢિયાતા સાબિત કરવા માટે તેઓ ઘાતકી હત્યાઓ કરી રહ્યા છે.આ બાબતને વિશ્વે નજર અંદાજ કરવી જોઈએ નહી કારણકે દિવસે દિવસે આ લોકોનું વૈચારીક યુધ્ધ ઘાતકી હિંસા તરફ સમગ્ર વિશ્વને ઘેરી લેશે તેવી વકી છે.

આ આતંકી સંગઠનો એવું માને છે કે માત્ર ઈસ્લામ જ એક ધર્મ વિશ્વ ભરમાં હોવો જોઈએ અને તેઓ કટ્ટર કોમવાદ લાદીને વિશ્વભરમાં પોતાનું રાજ સ્થાપિત કરવા માગે છે અને તે માટે તેઓ કાળો કેર વરતાવવામાં પાછી પાની નહિ કરવામાં માને છે.પરિણામે વિશ્વ શાંતિ ઉપર મોટું જોખમ ઉભું થયું છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## ઉત્તરપ્રદેશમાં ખ્રિસ્તીઓ પર થઇ રહેલા હુમલાઓનો ખ્રિસ્તી સંગઠનો દ્વારા વિરોધ

રીલીજીયસ લીબર્ટી કમિશન ઓફ ધ ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયા દ્વારા ઉત્તર પ્રદેશમાં ખ્રિસ્તી વિરુધ્ધ થઈ રહેલા હુમલાઓ બાબતે ભારે વિરોધ નોધાવવામાં આવ્યો હતો.તાજેતરમાં નાઝારેની ચર્ચ,શેહકરી નગર,બુલેન્દેશ્વર, ઉત્તર પ્રદેશ ખાતે,તેના થોડાક દિવસો બાદ સરૈયા વિલેજ,જોનપુર ડીસ્ટ્રીક ખાતે હુમલાનો ભોગ બન્યું હતું.તાજેતરમાં ઉત્તર પ્રદેશનું રાજકારણ કોમવાદમાં તબદિલ થઈ રહ્યું છે.આજ પરિસ્થિતિ દેશના બીજા ભાગોમાં પણ બની રહી છે.

નાઝારેની ચર્ચ ઉપર બજરંગ દળના સભ્યો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો તેવું ચર્ચના પાસ્ટર અને ત્યાં હાજર રહેલા સભ્યોએ જણાવ્યું હતું.જ્યારે ચર્ચમાં એક ફંકશન ચાલી રહ્યું હતું ત્યારે હુમલાખોરો હેમંત સીંગની નેતાગીરી સાથે ધસી આવ્યા હતા.હેમંત સીગને સ્થાનિક કો ઓર્ડીનેટર બજરંગદળ તરીકે ઓળખી લેવાયો હતો.હુમલાખો રો દ્વારા પાસ્ટર રેવ આર.સી પોલને માર મારવામાં આવ્યો હતો અને ક્રોસ તેમજ ચર્ચના ફર્નિચરને તોડી નાંખવામાં આવ્યું હતું.

રેવ આર.સી.પોલના જણાવ્યા પ્રમાણે અમારી રેગ્યુલર સર્વીસ ચાલે છે.એકાએક બજરંગદળના લોકો ચર્ચમાં ઘુસી આવ્યા હતા અને ચર્ચમાં હાજર લોકોને મારવાનું શરુ કરી દેવાયું હતુ.ત્યાં હાજર મહિલાઓ સાથે અસભ્ય વર્તન કરવામાં આવ્યું હતું.મારામારી તથા તોડફોડ બાદ બજરગદળના હુમલાખોરોએ તેમનો કેસરીયો ધ્વજ ચર્ચમાં અને બિલ્ડીંગ પર ફરકાવ્યો હતો.તેમજ ધમકી આપવામાં આવી હતી કે ચર્ચ બંધ કરી દેવાશે નહી તો ગંભીર પરિણામો ભોગવવા પડશે.

પોલીસે હેમંતસીગ,યોગેન્દ્રા કુમાર,બજરંગ દળના સભ્યોને સ્થળ પરથી જ પકડી લીધા હતા.આ બાબતની ફરિયાદ પાસ્ટર તરફથી લખાઈ હતી.અન્ય ૮ બજરંગ દળના સભ્યો સામે પણ ફરિયાદ નોધાઈ છે.આ ચર્ચ ૧૯૯૧થી અસ્તિત્વ ધરાવે છે.સરૈયા ,પોસ્ટ તર્તી,તહેસીલ મડીયાહુલ,જાનપુર ડીસ્ટીક,ઈસ્ટન યુ.પી.ખાતે આવેલ ચર્ચ ઉપર હુમલામાં બીજેપી અને શિવસેનાના સભ્યો હતા.સ્થાનિક બીજેપી લીડર હરેન્દ્રા પ્રતાપ સિહ તથા સ્થાનિક શિવસેના લીડર અચી લાલ તીવારી આ હુમલાના નેતાઓ હતા.પોલીસે પાસ્ટરની ફરિયાદ લેવાને બદલે પાસ્ટર સહિત ૧૧ ખ્રિસ્તીઓની ધરપકડ કરી હતી.યુપીના મુખ્યમંત્રીને આ બાબતે અપીલ કરવામાં આવી છે. તેઓ આ બાબતે કોમવાદી તત્વોને છુટછાટ આપવાનું બંધ કરે.

## કંધમાલની ખ્રિસ્તી વિરોધી હિંસાની છઠ્ઠી વરસી દિલ્હીમાં મનાવાશે




કેટલાંક ખ્રિસ્તી સંગઠનો કે જેઓ દિલ્હી દેશના પાટનગર સ્થિત છે તેઓ કંધમાલના અસરગ્રસ્તો માટે છઠ્ઠી વરસીનો કાર્યક્રમ દિલ્હી ખાતે મનાવવાનું આયોજન કર્યું છે.હજુ પણ ઓરિસ્સામાં અસરગ્રસ્તોનું પુરેપુરુ પુનઃવસન થઈ શક્યું નથી.હજુ પણ લોકો પોતાની અસલ જગ્યાઓ પર પાછા ફરી શક્યા નથી.ભયના ઓથાર નીચે જીવતા લોકોને સરકાર અભયદાન આપવામાં અસમર્થ રહી છે.કેટલીક એનજીઓ હજુ પણ અસરગસ્તોંની વહારે છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# રાજ્યમાં નવા નિયમ મુજબ ધર્મ બદલનારને કારણ આપવું ફરજીયાત છે

ગાંધીનગરના આર્ક બિશપ સ્ટાનિસ્લોસ ફર્નાંડીઝ તથા અન્ય સામાજીક કાર્યકરો દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન દાખળ કરીને ધર્માતરણ એક્ટની બે જોગવાઇઓને પડકારવામાં આવી હતી.જેમાં સેકસન ૩ મુજબ જયારે ધર્માંતરણના કાર્યક્રમનું આયોજન કરવું હોય ત્યારે એક મહિના પહેલાં પરવાનગી લેવાની રહે છે. તે માટે જીલ્લા કલેકટર પાસે પરવાનગી માંગવી જરુરી છે.તેમાં બળજબરીપુર્વક કે લોભલાલચ પુર્વક ધર્માંતરણ કરાતું નથી તેની ખાતરી કરવામાં આવે છે. તેમ ના થાય તો એક વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. સેકસન ૫ ની જોગવાઇ મુજબ જે ણે ધર્મ પરિવર્તન કર્યું હોય તેણે એક મહિનામાં જાણ કરવાની રહે છે. કે તેણે ધર્મપરિવર્તન કર્યુ છે.જો તેમ કરવામાં ના આવે તો તેના માટે પણ સજાની જોગવાઇ છે. આ પીટીશન હાઇકોર્ટમાં ૨૦૦૯માં એડમીટ થઇ હતી. તેના ઉપર દલીલો શરુ થવાની બાકી છે.પરતુ હમણાં થયેલ સુનાવણી દરમિયાન આ એકટ હેઠળ રુલ બનાવવામાં આવ્યા છે તે મુજબ ધર્મ પરિવર્તનનો કાર્યક્રમનું આયોજન કરનાર અને ધર્મ પરિવર્તન કરનાર બંનેએ એક ફોર્મ જીલ્લા કલેકટર સમક્ષ ભરવાનું હોય છે તેમાં કેટલીક માહિતી માંગવામાં આવી છે. તે પૈકી એક માહિતી એવી છે કે તે કેટલા વખતથી નવો ધર્મ અંગીકાર કર્યો છે અને તેનું પાલન કરે છે અને આ ધર્મ પરિવર્તન કેમ કર્યુ છે તેની માહીતી આપવાની હોય છે.

બળજબરીપુર્વક અને લોભ લાલચ આપીને થતું ધર્માંતરણ અટકાવવા માટે રાજ્યમાં ગુજરાત ફ્રિડમ ઓફ રીલીજીયસ એક્ટ ૨૦૦૩ અમલમાં આવ્યો છે. આ કાયદા હેઠળ ધર્માંતરણનો કાર્યક્રમ યોજનાર અને ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિને ફોર્મ ભરવું ફરજીયાત છે.તેમાં એમ જણાવાયું છે કે તેઓ કેમ ધર્મ પરિવર્તન કરવા માંગે છે ?આ નિયમને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

હાઇકોર્ટમાં ચાલેલી સુનાવણીમાં અરજદાર વતી સિનિયર એડવોકેટ ગિરીષ પટેલે રજુઆત કરી હતી.તેમણે દલીલોમાં જણાવ્યું હતું કે સરકારની આ જોગવાઇઓ અને નિયમો ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧ અને ૨૫ નો ભંગ કરે છે.દરેકને પોતાનો ધર્મ અંગિકાર કરવાનો અને તેનું પાલન કરવાનો અબાધિત અધિકાર છે. એટલું જ નહી તેને આ બાબતે કારણ જણાવવું ફરજીયાત નથી.કારણ કે ધર્મ અપનાવવો કે નહિં તે વ્યક્તિની અંગત બાબત છે. જો સરકાર તેની પાસેથી માહિતિ માંગે તો ગુપ્તતાના અધિકારનો ભંગ થાય છે. આથી સરકારના આ નિયમો રદ થવા જોઇએ.

હાલમાં ઘરવાપસીના નામે બળજબરીપુર્વક ધર્માંતરણ થતુ રહ્યું છે.ધર્માંતરણનો નવો કાયદો લાવવા માટે કેન્દ્ર સરકાર તૈયારી કરી રહી છે.જેથી કરીને તેમના એજન્ડાને ગેરકાયદેસર ઠેરવી શકાય નહીં. પરંતુ આ પીટીશનમાં સરકારનો હાઇકોર્ટમાં રજુ થનારો જવાબ મહત્વનો રહેશે.

# કર્ણાટક હાઇકોર્ટ દ્વારા ચર્ચ બ્લાસ્ટ કેસના આરોપીઓને મૃત્યુદંડની સજા આજીવન સજામાં ફેરવાઇ

૨૦૦૦ના વર્ષમાં બેંગલુર,કર્ણાટકમાં સીરીયલ ચર્ચ બ્લાસ્ટમાં તકસીરવાર ઠરેલ આરોપીઓને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી,જેનો હાઇકોર્ટમાં કેસ ચાલતાં તમામ મૃત્યુદંડની સજા પામેલ આરોપીઓની સજાને આજીવન કારાવાસની સજામાં ફેરવવાનો ચુકાદો નામદાર હાઇકોર્ટે આપ્યો હતો.

દિનદાર અન્જુમન ઓરગેનાઇઝેશન ના ૨૨ સભ્યો ૨૦૦૮માં ખાસ અદાલતે સજા કરી હતી.તેમાં કોર્ટે જણાવ્યુ હતુ કે જેમાં સાત લોકોએ કરેલુ કૃત્ય રેરેસ્ટ ઓફ રેર કેસીસમાં આવતું નથી તેથી તેમને મૃત્યુદંડની સજા થઇ શકે નહી.આ ઉપરાંત આ બ્લાસ્ટના કેસમાં કોઇ જાહેર હાનિ થઇ નથી.તેમજ આ લોકોનો ઇરાદો કોઇને મારી નાંખવાનો નહતો. તેવું કોર્ટે જણાવ્યું હતું.

આરોપીઓ દ્વારા કરવામાં આવેલ અપીલને ખારીજ કરતાં કોર્ટે કહ્યું હતું કે પુરાવાઓ એવું બતાવે છે કે તેમનો ઇરાદો ભારત સામે યુધ્ધ કરવાનો હતો.આ ઉપરાંત રાજ્ય સરકારને ઉથલાવી દેવાનું કાવતરુ પણ હતું.ડીવીઝન બેન્ચે કે જે જસ્ટીસ એન.કુમાર અને જસ્ટીસ રથનાકલાની બનેલી હતી તેમણે તેમના જુદા જુદા શબ્દોમાં કહ્યું હતું કે આરોપીઓ નિર્દોષ તો નથીજ.આમાનં કેટલાક લોકો પાકિસ્તાન જઇને હથિયારો કેવી રીતે ચલાવવા,સ્ફોટક પદાર્થો દ્વારા કેવી રીતે બ્લાસ્ટ કરવા તેની તાલિમ લઇ આવ્યા છે તેથી તેમને નિર્દોષ ગણી શકાય નહી.આ કેસમાં ૩૫ વ્યક્તિઓ સામે ચાર્જશીટ કરવામાં આવ્યું હતું પરંતુ ૨૨ જેટલા લોકો સામે ખટલો ચાલ્યો હતો.અને આ તમામ ૨૨ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવાની રહેશે.જેમાં પાંચ વ્યક્તિ ઝીયા-ઉલ -હસન, લીડર દિનદાર અન્જુમન,અને બીજા ચાર કે જેઓ પાકિસ્તાન ભાગી છુટ્યા છે તેમજ કેટલાક આરોપીઓ ખટલો ચાલ્યો તે દરમિયાન મૃત્યુ પામ્યા છે અને કેટલાક લોકો બરી કરવામાં આવ્યા છે.

આ આરોપીઓનો ધ્યેય માત્ર ઇસ્લામીક વિશ્વની સ્થાપના કરવાનો છે.આ મુદ્દો હાંસલ કરવા માટે તેઓ ભયનું વાતાવરણ સર્જવા માંગતા હતા.હિંદુઓ અને ખ્રિસ્તી વચ્ચે તનાવ વધે તે રીતનું તેઓનું આયોજન હતું.તેઓ આ પ્રકારનું સાહિત્ય છાપીને પણ વહેચતા હતા જેથી હિંદુ અને ખ્રિસ્તીઓ વચ્ચે તનાવ કે ઘર્ષણ વધે.તેથી તેઓએ ચર્ચ ઉપર બ્લાસ્ટ કર્યા જેથી ખ્રિસ્તીઓ આ કાર્ય માટે હિંદુઓ પર શક કરે.કોર્ટની બેચં આ તારણ કાઢ્યુ હતું.

આથી કરીને જેઓ રાહ ભુલેલા છે તેમને મજબુત સંદેશો પાઠવવો જરુરી છે.શૈતાની મગજ ધરાવતા લોકો માટે ખાસ કડક આદેશો જરુરી છે.અને તેમાંય ખાસ કરીને યુવા મુસ્લીમો કે જેઓ આવા અસામાજીક લોકોના હાથા બને છે તેમના માટે કડક જજમેટ જરુરી છે.કારણકે કેટલાક અસામાજીક લોકો દ્વારા કરાતાં કૃત્યોને લઇને આખી કોમ બદનામ થાય છે.આજીવન કારાવાસનો નિર્ણય આરોપીઓને સંભળાવતા આ બાબતો કોર્ટે જણાવી હતી.

# મધ્ય પ્રદેશમાં મિઝોરામના મિશનરીઓની ધર્મપરિવર્તનના આરોપસર ધરપકડ અને જામીન પર છુટકારો

મિઝોરામ મિશનરી સોસાયટીના કાર્યકરો મધ્યપ્રદેશમાં છેલ્લા ૨૭ વર્ષોથી કાર્ય કરે છે.અને તેઓને સ્થાનિક લોકો સાથે કામકાજના સારા સબંધો છે.અહીયા કામકાજ કરતા મિઝોરામ સોસાયટીના કર્મચારીઓને માસિક ૬૫૦૦નું વેતન આપવામાં આવે છે.પરંતુ બજરંગ દળ દ્વારા એવો આરોપ લગાવાયો હતો કે આ કર્મચારીઓ ધર્મપરિવર્તનનું કામ કરી રહ્યા છે. જેથી તેમના કહેવાને કારણે પોલીસે તેમની ધરપકડ કરી હતી.

મિશનના કર્મચારીઓએ જણાવ્યા પ્રમાણે પોલીસ તેમને ત્યાં આવી ત્યારે તેઓ પ્રાર્થના સભાનું આયોજન કરી રહ્યા હતા.પોલીસે તેમને તેમ કરતાં અટકાવ્યા હતા.પોલીસને બજરંગ દળ દ્વારા બોલાવવામાં આવી હતી.બદવાહ પોલીસ સ્ટેશન ઇનચાર્જ વી.એસ.પરીહારે ઇન્ડીયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે પાંચ મિઝોરામ મિશનરી માત્ર ધાર્મિક આસ્થાનું આયોજન કરી રહ્યા હતા.અને આ બાબત માટે તેઓ કંઘવામાં કાર્યરત છે.સોસાયટીના જણાવ્યા પ્રમાણે આ કર્મચારીઓ વખતો વખત ધર્મપ્રચારનું કાર્ય કરે છે.તેઓ ઘેર ઘેર ફરીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરે છે.અને તેઓ એબેનએઝેર ઇંગ્લીંસ સ્કુલ,બુરહાનપુર જિલ્લામાં આવેલ છે તેનું પણ કાર્ય કરે છે.અહીયાં હાલમં ૨૬૨ વિદ્યાર્થીઓ છે.૧૭ શિક્ષકો છે.તેમાંના મોટા ભાગના કોર્કુ અને રથીયા ટ્રાઇબલ જાતિના તેમજ દલિત પણ છે.અહીયાના ભારતીય જનતા પાર્ટીના સાંસદ,વિધાનસભાના સભ્ય અને સરપંચો તમામનો આ સોસાયટીને ટેકો અને સહકાર અપાય છે.પરંતુ બજરંગ દળ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે નાણાંકીય લાલચ આપીને આ લોકો ધર્માંતરની પ્રતિ કરી રહ્યા છે.જેમને માત્ર ૬૫૦૦ રુપીયાનો માસિક પગાર મળતો હોય, અને સંસ્થા તરફથી બીજી કોઇ નાણાંકીય વ્યવસ્થા ના મળતી હોય તો તેવો કેવી રીતે નાણાંકીય લાલચ આપીને ધર્મ પરિવર્તન કરી શકે.કારણકે આટલા ટુંકા પગારમાંથી તેમની અગત જરુરીયાતોને પહોચી વળવું પણ મુશ્કેલ હોય છે.પરંતુ બજરંગદળના આગ્રહને કારણે પોલીસે સાત મિશનના કર્મચારીઓની ધરપકડ કરી હતી જેમાં બે મહિલાઓ પણ હતી.તેમણે સુનિલ પ્રજાપતિને ધર્મ પરિવર્તન કરવા માટે ૧ લાખ રુપીયાની ઓફર કરી હતી તેઓ આક્ષેપ લગાવાયો હતો.પોલીસે મધ્ય પ્રદેશ બદવાહ, ખેરગાંવ,ખાતે ફ્રિડમ ઓફ રીલીજીયસ એકટ હેઠળ ફરિયાદ નોંધી હતી.જો કે ફરિયાદીની પાછળ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળના કાર્યકર્તાઓ કાર્ય કરી રહ્યા છે.જેમની ધરપકડ કરાઇ તે પૈકીની બે મહિલાઓને તેજ દિવસે જામીન પર મુક્ત કરાઇ હતી. જયારે પાંચ પુરુષ કર્મચારીઓને જેલમાં ધકેલી દેવાયા હતા.ધરપકડ કરાયેલ મિશન કર્મચારીઓમાં વન્લાલસ્વમા, ક.લાલરોતુલાના, થાનસંગલીયેના, આર લાલડીનપીલા , અને ઝોનુસાવીયા હતા.

# બિહારમાં આઠ મહાદલિતોએ ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર કર્યું

બિહારમાં આવેલ મુંગર જીલ્લામાં આવેલ રતનપુરા જે સંગ્રામપુર બ્લોકમાં આવે છે ત્યાં આઠ જેટલા મહાદલિતોએ હિંદુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર કર્યું હતું.ધર્માંતરણ કરનારાઓ જીલ્લા અધિકારીઓને જણાવ્યું હતું કે તેઓએ તેમનું જીવન માન અને ગૌરવ માટે એ ધર્મને સોપ્યું છે જે તેનું જતન કરે છે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમરીદ્રા પ્રસાદ સિંહ આ બાબતે તપાસ કરવાના હુકમો કર્યા હતા.

પ્રકાશ મનજીહ જે આઠ ધર્માંતરણ કરનારાઓ પૈકીનો એક વ્યક્તિ હતો તેણે પોતાની માતાના અંતિમ સંસ્કાર ખ્રિસ્તી વિધિ અનુસાર કર્યા હતા.તેણે તેની માતાના મૃતદેહને સન્માનથી દફનાવ્યો હતો, મનજી અને બીજા જેઓએ ધર્માંતરણ કર્યું હતું તેઓએ સરકારી અધિકારીઓને જણાવ્યુ હતું કે તેઓ સ્થાનિક મિશન સ્કુલ અને પ્રીસ્ટ સુખલાલ સોરેનથી પ્રભાવિત છે.

સિહે આઇએએનએનને ટેલીફોન પર જણાવ્યુ હતું કે સોરેને એમ કહ્યું હતું કે આ ધર્માંતરણ નથી.ધર્માંતરણનો વિરોધ કરતાં તેમણે કહ્યું હતું કે આ લોકોએ તેમનો વિશ્વાસ અને આસ્થા જીસસ ક્રાઇસ્ટમાં વ્યક્ત કરી છે.તેથી બે સરકારી અધિકારીઓ આ બાબતે તપાસ કરીને રીપોર્ટ આપશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

# છત્તીસગઢના,બસ્તર વિસ્તારમાં આવેલ ૫૦ ગામોમાં ખ્રિસ્તી મિશનરીઓ માટે કોમવાદી તત્વો દ્વારા પ્રવેશની મનાઇ

વિશ્વ હિંદુ પરિષદ દ્વારા છત્તીસગઢ ના બસ્તર વિસ્તારમાં આવેલ ૫૦ જેટલા ગામોમાં ખ્રિસ્તી મિશનરીઓના પ્રવેશ બાબતે મનાઈ હુકમ ફરમાવી દેવાયો છે.છેલ્લા છ મહિનાથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ કોમવાદી સંસ્થાઓએ આ ચળવળ ચલાવી છે.કેટલીક જગ્યાઓ પર ખ્રિસ્તીઓ જેઓ ગામડામાં વસે છે તેમને રેશન આપવા પર મનાઈ ફરમાવાઈ છે.સુરેશ યાદવ,બસ્તર જીલ્લા પ્રેસિડેન્ટ,વી.એચ.પી.દ્વારા ૫૦ ગ્રામ પંચાયતો જે બસ્તર વિસ્તારમાં આવેલ છે તેમને સેકસન ૧૨૯(જી),છત્તીસગઢ પંચાયત રાજ એકટ મુજબ તમામ બિનહિંદુઓને આ વિસ્તારમાં પોતાનો ધર્મ અને આસ્થા પ્રદર્શિત કરવાની મનાઈ ફરમાવાઈ છે.ખ્રિસ્તીઓ પ્રાર્થના કે પોતાની આસ્થા મુજબ કોઈપણ કાર્ય કરી શકતા નથી. જો કે ભારતીય સંવિધાનમાં આવી કોઈ જોગવાઈ નથી. પરંતુ કોમવાદી તત્વોને જ્યારે સત્તા મળે ત્યારે તેઓ કેવું કરી શકે છે તેનો આ એક નમુનો છે.

સીરીસગુડા ગ્રામ પંચાયત(વિલેજ કાઉન્સીલ) કે જે તોકાપલ બ્લોક,બસ્તરમાં આવેલ છે તેણે સ્પેશીયલ ગ્રામ સભા મં એક ઓર્ડર પાસ કર્યો હતો કે જે મીડીયાને વાંચવા માટે પણ અપાયો હતો.''જબરજસ્તીથી કરાતું ધર્માંતરણ રોકવા તથા બહારથી આવીને ધર્મ પ્રચાર પ્રસાર કરતા લોકોને રોકવા, તેમજ હિંદુ દેવી દેવતા કે તેમના પળાતા સંસ્કારો વિરુધ્ધ બોલનારા કે આચરણ કરનારાઓ સામે સીરીસગુડા ગ્રામ પંચાયત દ્વારા આદેશ જારી કરવામાં આવે છે આ તમામ બાબતો પર આ વિસ્તારમાં પ્રતિબંધ છે. ''કેટલાક સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ડીસ્પુટ ઉભો થવા પાછળનું કારણ કંઈક એવું છે કે કેટલાક વાર્ષિક હિંદુ તહેવારો નિમિત્તે ખ્રિસ્તી કુટુંબોએ નાણાંકીય મદદ કરવાની મનાઈ ફરમાવતાં આમ બન્યું છે.તેઓએ નાણાંકીય મદદ નહી કરી તેમજ તેઓએ હિંદુ દેવ દેવતા વિરુધ્ધ બોલ્યા હતા.તેથી ગ્રામ સભાએ તેમનો બહિષ્કાર કર્યો છે.તેવું સીરીસગુડા સરપંચ જમુના બેગહેલે જણાવ્યું હતું.

જો કે ખ્રિસ્તીઓ દ્વારા જણાવાયું હતું કે આ તો માત્ર વીએચપીનું બહાનું છે.કારણકે વીએચપી છેલ્લા કેટલાક સમયથી ખ્રિસ્તીઓને પાછા હિંદુ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.તેથી તેઓએ ખ્રિસ્તી મિશનરીઓ પર બાન મુક્યું છે જેથી તેમનો કાર્યક્રમમાં કોઈ અડચણ ના આવે.છેલ્લા બે માસથી ખ્રિસ્તીઓને રેશન આપવાની મનાઈ કરવામાં આવી છે તેમની પર હુમલા કરવામાં આવી રહ્યા છે,જ્યારે તેઓ વિલેજ પંચાયતના હુકમ પ્રમાણે રેશન લેવા જાય છે ત્યારે.

સોનોરુ માનદેવી,જેનું કુટુંબ ૨૦૦૨માં ખ્રિસ્તી બન્યું હતું.તેને છેલ્લા બે માસથી રેશન આપવામાં મનાઈ કરવામાં આવી છે.૧૦ ખ્રિસ્તીઓ પર હુમલો કરવામાં આવ્યો છે જ્યારે તેઓ રેશન લેવા ગયા હતા ત્યારે.જો કે છત્તીસગઢ ક્રિશ્ચિયન ફોરમે આ બાબતે મુકાયેલ બાનનો સખ્ત વિરોધ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારનું બાન મુકવું તે ગેરબંધારણીય છે.

આ ખાપ પંચાયતના જેવું જ કંઈક છે.તમે કેવી રીતે અમને અમારી ધાર્મિક સ્વાતંત્રતાને બ્લોક કરી શકો,અને તે પણ પંચાયતના કાયદાના આધારે ?અરુણ પન્નાલાલ, પ્રેસિડેન્ સીસીએફે જણાવ્યું હતું.ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકોને,તમને ધાર્મિક સ્વાતંત્રતા આપે છે.જીલ્લા કલેકટર અંકિત આનંદે મીડીયાને જણાવ્યું હતું કે તેઓ ગામમાં રેશન બરાબર આપવામાં આવે તે બાબતે જોશે.બસ્તરમાં ધર્માંતરણ એ કોઈ મોટો મુદો નથી.અમો એ જોઈશું કે તમામ ગામવાસીઓને તેમનું રેશન કોઈપણ જાતની રુકાવટ વગર મળી રહે.જો કે આ બાબતને ખ્રિસ્તી સંગઠનોએ પુરાવા સહિત સુપ્રીમ કોર્ટમાં પડકારવી જોઈએ જેથી પંચાયતો બહુમતીના જોરે ગેરબંધારણીય કાયદાઓ ઘડે અને તેનો અમલ કરતી અટકાવવી જોઈએ.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# કેરાલાના મુખ્યમંત્રીશ્રી ચાંડી, દારુબંધીની હિમાયત માટે કેથોલીક બિશપની મુલાકાતે

કેરાલા સરકાર દ્વારા તાજેતરમાં દારુબંધી દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દેશમાં સહુથી વધુ આલ્કોહોલનો વપરાશ કરતું રાજ્ય કેરાલા છે. તેમજ શિક્ષણમાં પર સૌથી આગળ રાજ્ય કેરાલા છ.પરંતુ કેરાલામાં ખુજબ દારુનું સેવન થાય છે માટે દારુબંધી દાખલ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય વ્યાજબી ઠરે માટે મુખ્યમંત્રીએ બિશપની સાથે આ બાબતે સરહાર માટે વાતચીતનું આયોજન કર્યું હતું.તેઓ બિશપ થેમાસરી રીમીજીયોસ ઈનચાનનીયલ સાથે કોઝીકોડી ખાતે મળ્યા હતા.તાજેતરમાં જે દારુબંધી દાખલ કરવામાં આવી તે માટે એન્ટી લીકર કમિટિ બનાવવામાં આવી હતી અને આ કમિટિના ચેરમેન તરીકે કેરલા કેથોલિક બિશપ્સ કાઉન્સીલના બિશપ ઈનચાનનીયલ હતા.ખુબજ મોટા પ્રમાણમાં લોકોનો સમુદાય,જેમાં નન્સ સરકારે લીકર પોલીસીમાં કરેલા સુધારાને કારણે નારાજ થઈને સરકાર સામે દેખાવો કર્યા હતા.

બિશપ સાથેની મુલાકાત બાદ મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેમની આ મુલાકાત સારી રહી હતી.તેમણે બિશપને તમામ ઘટનાઓ બાબતે જાણકારી આપી હતી, જે બાબતોને ધ્યાનમાં રાખીને સરકારે સુધારા કર્યા હતા.મોટા ભાગના ખ્રિસ્તી ધર્માધિકારીઓ દારુબંધીની તરફેણમાં છે તેથી તેઓ સખ્તાઈથી સરકારા દારુબંધીનો અમલ કરે તેમ ઈચ્છે છે. પરંતુ સરકારે પોતે દારુ વેચવાનો ચાલુ રાખ્યો છે જ્યારે ખાનગી વેપારીઓની દુકાનો બધ કરવામાં આવી છે.જો કે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સરકાર દારુબંધીમાં કોઈ કારણસર પીછેહટ કરશે નહી અને ધીમે ધીમે આયોજન બધ્ધ તરીકાથી રાજ્યમાં સંપુર્ણ દારુબંધીનો અમલ કરાવશે.મુખ્યમંત્રીની સાથે બિશપની મુલાકાતમાં ચર્ચામાં કે.સી.જોસેફ તથા કે.બાબુ બે રાજ્યના મંત્રીઓ હાજર રહ્યા હતા.જો કે બાબુએ જણાવ્યું હતું કે કેટલાક બહારના પરિબળો આ વિરોધ પાછળ જવાબદાર છે.

જ્યારે સેક્રટરી કેસીબીસી એન્ટી લીકર કમિટિ ફાધર એન્ટોની એ મીનીસ્ટરની વાતને રદિયો આપતાં કહ્યું હતું કે તેમણે મુકેલા આરોપો ખોટા છે. અમો સરકારની વિરુધ્ધ, મુખ્યમંત્રીની વિરુધ્ધ નથી પરંતુ જે રીતે પોલીસીમાં સુધારા કરાયા છે તેના વિરોધ કરીએ છીએ.સરકારના સુધારા જ્યાં સુધી પાછા નહી ખેચાય ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે.સુધારા મુજબ બીયર અને વાઈન બારને ખુલ્લા રાખવાની પરવાનગી મળી હતી.

# મોટા ભાગના અમેરિકનો માને છે કે આજના તમામ પ્રશ્નોનો જવાબ ધર્મ પાસે છે : એક સર્વે

અમેરિકાની અડધી જેટલી વસ્તી એવું માને છે કે ધર્મનો હકારાત્મર અભિગમ હજુ પણ છે. અને આજના તમામ જટીલ પ્રશ્નો નો હલ પણ ધર્મ પાસે છે. એક ગેલોપ પોલમં જાણવા મળ્યું હતુ કે ૫૭ ટકા અમેરિકન એવું માને છે કે આજના મોટા ભાગના જટિલ પ્રશ્નોનો હલ ધર્મ પાસે છે. કેટલાક લોકો એટલે કે ૩૦ ટકા લોકો એવું માને છે કે આ ધર્મની વાત કરવી એક જુની ફેશન છે અને જે હવે આઉટ ડેટ થઈ ગઈ છે.

જો કે ચર્ચમાં જનારા ૮૭ ટકા લોકો એવું માને છે કે તમારી સમસ્યાઓનું નિરાકરણ ધર્મ પાસે છે.જ્યારે અમુક જ ટકા લોકો જેઓ નિયમિત રીતે ચર્ચમાં જતા નથી તેમણે આ બાબત સ્વીકારી નથી.ખાસ બાબત તો એ છે કે નવી પેઢી જે વિજાણુ યુગમાં પ્રવેશી છે તેમને ધર્મ માટે પુરતો ટાઈમ નથી.તેઓ તેમની સમસ્યાનો વિકલ્પ શોધવા માટે ઈન્ટરનેટનો સહારો લે છે.

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# યુ એસ રાષ્ટ્ર પ્રમુખની સુરક્ષા હેતુએ દિલ્હી સુરક્ષા ગઢ બન્યું

ભારતની મુલાકાતે આવી રહેલા યુ.એસ. પ્રમુખ બરાક ઓબામાની દિલ્હીમાં સુરક્ષા હેતુથી સમગ્ર દિલ્હીને સુરક્ષા ગઢમાં ફેરવી નંખાયું છે.પ્રમુખની સુરક્ષા માટે એક હજારથી વધુ એનએસજી સ્નાઈપર્સ અને ૪૪ હજાર દિલ્હી પોલીસના જવાનો અને અર્ધ લશ્કરી બળોના સૈનિકો હાજર રખાયા છે.ગણતંત્ર દિવસના મુખ્ય સમારોહમાં અતિથિ માર્ગમં ૧૫ હજાર સીસીટીવી કેમેરા પણ લગાવાયા છે.નેશનલ સીક્યુરીટી ગાર્ડના સ્નાઈપર્સ બહુમાળી મકાનો પરથી રાજપથીની ૨ કી.મી.ની ત્રીજ્યામાં તહેનાત રહીને સમગ્ર પરિસ્થિતિ પર બાજ નજર રાખશે.૨૬મી જાન્યુઆરીના દિવસે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી અને વડપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય અતિથિ બરાક ઓબામાં પરેડ નિહાળશે તે વખતે ૪૪ હજાર સુરક્ષાકર્મીઓ,જેમાં દસ હજાર અર્ધલશ્કરી દેળોના અને ત્રીસ હજાર પોલસના જવાનો તેહનાત રહેશે.તેઓને ૨૬મી જાન્યુઆરી સવારે પાંચ વાગ્યાથી હાજર કરી દેવાશે.

આ ઉપરાંત નવી દિલ્હી બહારથ વીસ હજાર જેટલ સુરક્ષાકર્મીઓને સુરક્ષા વ્યવસ્થામાં તહેનાત કરાયા છે.ઓબામાનો કાફલો પસાર થશે ત્યાં ૧૫ હજાર સીસીટીવી કેમેરા લગાવાયા છે હવામાનો અભ્યાસ કરતી સંસ્થા દ્વારા દિલ્હીનું હવામાન કેવું છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં તારણ નિકળ્યું હતું કે હવાની ગુણવત્તા બિનઆરોગ્યપ્રદ અને ઝેરી છે.ગ્રીનપીસ ઈન્ડીયાએ રાજઘાટ અને હૈદરાબાદ હાઉસ સહિતના છ સ્થળો પર અભ્યાસ કર્યો હતો જેમાં જણાયું હતું કે હવામાનમાં ભેજ હોવા છતાં હવાનું પ્રમાણ બિનઆરોગ્યપ્રદ છે.હવે દેશની રાજધાનીનું હવામાન ઝેરી અને બિનઆરોગ્યપ્રદ હોય તો દેશના અન્ય સ્થળો પર કેવું હશે. દિલ્હીવાસીઓને ધન્ય છે કે તેઓ ઝેરી વાતાવરણાં પણ જીવે છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.